પુUના International School
Shree Swaminarayan Gurukul, Zundal

| ANNUAL EXAMINATION 2020-21 | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name | | | | | |
| Date | | Grade | VII | Roll No. | |
| Subject | Gujarati | Marks | 80 | Teacher's Sign | |

## SECTION – A

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો [ 10 MARKS ]

1) સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો
1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?
2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?
3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?
4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કંઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે
ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો : 1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?
2) મા કઈ વસ્તુઓ મેળવે છે ?
3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?
4) ઘરમાં કોણ નથી ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## [WRITING SECTION ]

પ્રશ્ન 2 ( અ ) નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ] [ 10 MARKS ]

1) ઝાડ આપણું જીવન 2) મારું શહેર

પ્રશ્ન 2 ( બ ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. [ 10 MARKS ]

1) અકબરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

## [GRAMMAR SECTION]

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) ગગન 2) પહાડ 3) કાંઠો
4) કૂદકો 5) ગફલત

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) પ્રકાશ 2) નાનું 3) ઈચ્છા
4) સંતોષ 5) જીત

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો. [ 5 MARKS ]

1) ઉમંગ 2) ચકચૂર 3) છલંગ
4) મુશ્કેલ 5) ભાગ્ય

પ્રશ્ન 3 ( ડ ) નીચેના શબ્દસમૂહો માટે એક – એક શબ્દ આપો. [ 5 MARKS ]

1) સિક્કા સાચવી રાખવાની પટ્ટા જેવી કોથળી
2) મુસાફરી દરમિયાન ખરચ માટેની રકમ
3) પૂરના પાણીની ઝડપે દોડનાર
4) ગાયોનું મોટું ટોળું
5) પવનથી ઊડેલા વરસાદના છાંટા

## [LITERATURE SECTION ]

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. [ 8 MARKS ]

1) ઉગમણે આભમાં શું દેખાય છે ?
2) વાયુ શાથી ચકચૂર છે ?
3) વાલો કેસરિયો શેનો વેપારી હતો ?
4) વાલા કેસરિયાની કદર કોણે કરી ?
5) પુસ્તક સાથી પલળી ગયું ?

**6)** કાવ્યમાં વા' લો શબ્દ કોના માટે વપરાયો છે **?**

7) વોલ્ટરના શરીર પર લકવાની શી અસર થઈ **?**

8) નખરા છોડીને કવિ શું કરવાનું કહે છે **?**

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. [ 12 **MARKS** ]

**1)** સવાર થતાં કુદરતમાં કેવા ફેરફાર થાય છે ?

**2)** કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું શા માટે વિચાર્યું ?

**3)** રાઘોબાએ કેસરિયાની કદર કેવી રીતે કરી ?

4) આપણે કેવા ઘેર ન જવું જોઈએ ? શાં માટે **?**

5) 'પારકી આશ સદા નિરાશ' – આ કહેવત પહેલા સુભાષિતના આધારે સમજાવો.

6) પુસ્તક ખરાબ થઈ જવાથી અબ્રાહમ લિંકન શું વિચારે છે **?**